નાણાં સમિતિની મિટિંગ

તા. ૦૮/૦૩/૨૦૨૨

બેઠક ક્રમાંક : ૦૪/૨૦૨૧-૨૨

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

# ગાંધીનગર

## નાણાં સમિતિની ઓનલાઈન મિટિંગ

### તા. ૦૮/૦૩/૨૦૨૨, સમય: ૧૨:૩૦ કલાકે

### -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

**નાણાં સમિતિની મિટિંગ**

**તા. ૦૮/૦૩/૨૦૨૨**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની નાણાં સમિતિની વર્ષ:૨૦૨૧-૨૨ની બેઠક મા. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને ઓનલાઇન તા.૦૮/૦૩/૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે મળી હતી. જેમાં નીચે મુજબના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિશ્રી હર્ષદ પ્ર. શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | મા. ડાયરેક્ટર જનરલશ્રી હર્ષદ પ્ર. શાહ | સભ્યશ્રી | હાજર |
| ૩. | મા. શ્રી અશોક અગ્રવાલ | સભ્યશ્રી | હાજર |
| ૪. | મા. ડૉ. સંજયભાઇ પટેલ (ડુંગરાણી) | સભ્યશ્રી | હાજર |
| ૫. | શ્રીમતી ડેનિશા અગ્રવાત (નાણાં અને હિસાબી અધિકારીશ્રી I/c) | સભ્યશ્રી | હાજર |
| ૬. | મા. ડૉ. અશોક એન. પ્રજાપતિ (રજિસ્ટ્રારશ્રી I/c) | સભ્યશ્રી | હાજર |

– **આ સાથે નાણાં સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.**

બેઠકના પ્રારંભમાં કુલસચિવ દ્વારા સૌનું સ્વાગત કરી બેઠકની કાર્યવાહી આરંભવામાં આવી.

## નાણાં સમિતિની કાર્યવાહી નોંધ

બાબત ક્રમાંક – ૧ : તા.૧૦/૦૧/૨૦૨૨ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની મિનિટસ મંજૂર કરવા બાબત. (બિડાણ – ૧) એકઝીકયુટીવ કાઉન્સિલમાં મંજૂર થયેલી છે. જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧ : તા.૧૦/૦૧/૨૦૨૨ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની મિનિટસ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે. (બિડાણ – ૧) એકઝીકયુટીવ કાઉન્સિલમાં મંજૂર થયેલી છે. જે બાબત સૌ મહાનુભાવો દ્વારા ધ્યાને લઈ મંજૂર કરવામાં આવે છે.

Children's University * Sector-20, Gandhinagar *

| નાણાં સમિતિની મિટિંગ | તા. ૦૮/૦૩/૨૦૨૨ |
|---|---|

બાબત ક્રમાંક – ૨ : યુનિવર્સિટીને UGC દ્વારા 12B મળી ગયેલ છે. જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૨ : યુનિવર્સિટીને UGC દ્વારા 12B મળી ગયેલ છે. જે બાબતે સૌ મહાનુભાવો દ્વારા યુનિવર્સિટીની પ્રસંશનિય કામગીરીને બિરદાવવામાં આવેલી છે.

બાબત ક્રમાંક – ૩ : યુનિવર્સિટીના એફીલીએશન ઓર્ડિનન્સ અંતર્ગત એફીલીએશન સેન્ટરોમાં વિદ્યાર્થીઓના એડમિશન પૈકીની સત્ર ફી પેટે પ્રાપ્ત થયેલી કુલ આવક રૂ.૩,૬૬,૫૦૦/– માંથી એફીલીએશન સેન્ટરને શૈક્ષણીક કાર્યના ખર્ચ માટે ૭૫% લેખે કુલ રકમ રૂ.૨,૭૪,૮૭૫/– પરત આપવામાં આવેલી છે. જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૩ : યુનિવર્સિટીના એફીલીએશન ઓર્ડિનન્સ અંતર્ગત એફીલીએશન સેન્ટરોમાં વિદ્યાર્થીઓના એડમિશન પૈકીની સત્ર ફી પેટે પ્રાપ્ત થયેલી કુલ આવક રૂ.૩,૬૬,૫૦૦/– માંથી એફીલીએશન સેન્ટરને શૈક્ષણીક કાર્યના ખર્ચ માટે ૭૫% લેખે કુલ રકમ રૂ.૨,૭૪,૮૭૫/– પરત આપવામાં આવેલી બાબતને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૪ : વર્ષ : ૨૦૨૧–૨૨માં યુનિવર્સિટીની ૯–જગ્યાઓ મંજૂર થયેલી જેની ગ્રાન્ટ રૂ.૭૯,૮૮,૦૦૦/– જમા થયેલી છે. જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૪ : વર્ષ : ૨૦૨૧–૨૨માં યુનિવર્સિટીની ૯–જગ્યાઓ મંજૂર થયેલી જેની ગ્રાન્ટ રૂ.૭૯,૮૮,૦૦૦/–તા.૦૮/૦૨/૨૦૨૨ના રોજ જમા થયેલી છે. જેની સર્વે સભ્યશ્રીઓએ નોંધ લીધી.

બાબત ક્રમાંક – ૫ : વર્ષ : ૨૦૨૧–૨૨માં તપોવન કેન્દ્રોમાં પૌષ્ટિક ખોરાક માટે મંજૂર થયેલી ગ્રાન્ટ રૂ.૭૨,૦૦,૦૦૦/– જમા થયેલી છે. જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૫ : વર્ષ : ૨૦૨૧–૨૨માં તપોવન કેન્દ્રોમાં પૌષ્ટિક ખોરાક માટે મંજૂર થયેલી ગ્રાન્ટ રૂ.૭૨,૦૦,૦૦૦/–તા.૦૮/૦૨/૨૦૨૨ના રોજ જમા થયેલી છે. જેની સર્વે સભ્યશ્રીઓએ નોંધ લીધી.

બાબત ક્રમાંક – ૬ : વર્ષ : ૨૦૨૧–૨૨માં યુનિવર્સિટીની પગાર ભથ્થાં પેટે મંજૂર થયેલ ગ્રાન્ટ રૂ.૩,૫૦,૦૦,૦૦૦/– (ત્રણ કરોડ પચાસ લાખ) પૈકીનો ચોથો હપ્તો જમા થઈ ગયેલ છે. જે ધ્યાને લેવા બાબત.

Children's University * Sector-20, Gandhinagar *

**નાણાં સમિતિની મિટિંગ** **તા. ૦૮/૦૩/૨૦૨૨**

ઠરાવ ક્રમાંક – ૬ : વર્ષ : ૨૦૨૧–૨૨માં યુનિવર્સિટીની પગાર ભથ્થાં પેટે મંજૂર થયેલ ગ્રાન્ટ રૂ.૩,૫૦,૦૦,૦૦૦/– (ત્રણ કરોડ પચાસ લાખ) પૈકીનો ચોથો હપ્તો તા.૦૩/૩/૨૦૨૨ના રોજ જમા થઈ ગયેલ છે. જેની સર્વે સભ્યશ્રીઓએ નોંધ લીધી.

બાબત ક્રમાંક – ૭ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું FCRA Account ખોલાવવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૭ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું FCRA Account ખોલાવવા બાબતે સર્વાનુમતે દ્વારા ખાતું ખોલાવવા માટે આગળની કાર્યવાહી કરવા માટે બહાલી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૮ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં આગામી સમયમાં યોજાનાર સમર કેમ્પ માટે રૂ.૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) ની જોગવાઈ કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૮ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં આગામી સમયમાં યોજાનાર સમર કેમ્પ માટે રૂ.૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) ની જોગવાઈ ને મંજૂર કરવામાં આવે છે અને આ કાર્યક્રમ અંતર્ગત વધારે ખર્ચ કરવાની આવશ્યક્તા જણાય તો તે માટે મા.કુલપતિશ્રીને સર્વાનુમતે સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૯ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની અન્ડર 11TH એથ્લેટિક મીટ માટે રૂ.૧૫,૦૦,૦૦૦/–નો ખર્ચ મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૯ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની અન્ડર 11TH એથ્લેટિક મીટ માટે રૂ.૧૫,૦૦,૦૦૦/–નો ખર્ચ મંજૂર કરવા બાબતે સૌ મહાનુભાવ દ્વારા ચર્ચા કરવામાં આવી અને થનાર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો તેમજ આગામી સમયમાં આ કાર્યક્રમ અંતર્ગત વધારે ખર્ચ કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે ખર્ચ મંજૂર કરવાની મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૧૦ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કર્મચારીઓને વર્ષ : ૨૦૨૧ તથા વર્ષ : ૨૦૨૨ ના મળવાપાત્ર ઈજાફા છોડવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૦ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કર્મચારીઓને વર્ષ : ૨૦૨૧ તથા વર્ષ : ૨૦૨૨ ના મળવાપાત્ર ઈજાફા છોડવાની બાબતે સરકારશ્રીના નિયમોનુસર મળવાપાત્ર ઈજાફા જે–તે કર્મચારીના છોડવા માટે સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

Children's University * Sector-20, Gandhinagar *

બાબત ક્રમાંક – ૧૧ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમા R & B મારફતે ચાલી રહેલા સેક્ટર–૨૦ ખાતેના મકાનના બાંધકામ અંતર્ગત R & B ને પ્રથમ હપ્તા પેટે રૂ.૧,૫૬,૯૬,૦૦૦/– (એક કરોડ છપ્પન લાખ છન્નું હજાર) ચુકવણી કર્યાની બાબત ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૧ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમા R & B મારફતે ચાલી રહેલા સેક્ટર–૨૦ ખાતેના મકાનના બાંધકામ અંતર્ગત R & B ને પ્રથમ હપ્તા પેટે રૂ.૧,૫૬,૯૬,૦૦૦/– (એક કરોડ છપ્પન લાખ છન્નું હજાર) R & B ના પત્ર ક્રમાંક:જા.ન.એબી/બજેટ/૪૬૬/સને ૨૦૨૨, તા.૨૨/૦૨/૨૦૨૨ થી માંગેલ ખર્ચના ૧૫% રકમની ચુકવણી કર્યાની બાબતે સર્વે મહાનુભાવો દ્વારા કરેલી કામગીરીને બહાલી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૧૨ : સરકારશ્રી તરફથી રીનોવેશન અંતર્ગત વર્ષ : ૨૦૧૯–૨૦ માં રૂ.૫૫,૬૦,૦૦૦/– તથા વર્ષ : ૨૦૨૦–૨૧ માં રૂ.૬૧,૦૦,૦૦૦/– ગ્રાન્ટ પ્રાપ્ત થયેલી હતી જેનું Utilization Certificate સરકારશ્રીમાં મોકલી આપેલ છે. જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૨ : સરકારશ્રી તરફથી રીનોવેશન અંતર્ગત વર્ષ : ૨૦૧૯–૨૦ માં રૂ.૫૫,૬૦,૦૦૦/– તથા વર્ષ : ૨૦૨૦–૨૧ માં રૂ.૬૧,૦૦,૦૦૦/– ગ્રાન્ટ પ્રાપ્ત થયેલી હતી જેનું Utilization Certificate સરકારશ્રીમાં મોકલી આપેલ છે. જે બાબતે સર્વે મહાનુભાવો દ્વારા કરેલી કામગીરીને બહાલી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૧૩ : Registrar of Companies અંતર્ગત સર્ટિફિકેટ મળી ગયેલ છે. જે ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૩ : Registrar of Companies અંતર્ગત સર્ટિફિકેટ મળી ગયેલ છે. જે બાબતે સર્વે મહાનુભાવો દ્વારા કરેલી કામગીરીને બિરદાવવામાં આવી અને બહાલી આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૧૪ : આગામી એપ્રિલ માસમાં યોજાનાર દ્વિતીય પદવીદાન સમારોહ અંતર્ગત અંદાજીત રૂ.૨૦,૦૦,૦૦૦/–ના ખર્ચને મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૪ : આગામી એપ્રિલ માસમાં યોજાનાર દ્વિતીય પદવીદાન સમારોહ અંતર્ગત અંદાજીત રૂ.૨૦,૦૦,૦૦૦/–ના ખર્ચને મંજૂર કરવાની બાબત રજૂ કરતાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ દ્વારા દ્વિતીય પદવીદાન સમારોહ અંતર્ગત થનાર ખર્ચને બહાલી આપવામાં આવી તેમજ આગામી સમયમાં જયારે આ કાર્યક્રમ અંતર્ગત વધારે ખર્ચ કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે ખર્ચ મંજૂર કરવાની મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

Children's University * Sector-20, Gandhinagar *

| નાણાં સમિતિની મિટિંગ | તા. ૦૮/૦૩/૨૦૨૨ |
|---|---|

બાબત ક્રમાંક – ૧૫ : શિક્ષણ વિભાગનો તા.૦૩/૧૧/૨૦૨૧નો પત્ર ધ્યાને લેવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૫ : શિક્ષણ વિભાગનો તા.૦૩/૧૧/૨૦૨૧નો પત્ર સર્વે સભ્યશ્રીઓ દ્વારા ધ્યાને લેવામાં આવ્યો અને આ બાબતે જરૂર જણાય ત્યાં આગળની કાર્યવાહી કરવા માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૧૬ : BPCL સાથે થયેલ MOU અંતર્ગત બાકી રહેલી ૩ ટોયવાનની ખરીદીનો અંદાજીત ૩.૮૦,૦૦,૦૦૦/– ખર્ચ મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક – ૧૬ : BPCL સાથે થયેલ MOU અંતર્ગત બાકી રહેલી ૩ ટોયવાનની ખરીદીનો અંદાજીત ૩.૮૦,૦૦,૦૦૦/– ખર્ચ મંજૂર મંજૂર કરવા બાબતે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી અને થનાર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો તેમજ આગામી સમયમાં આ કાર્યક્રમ અંતર્ગત વધારે ખર્ચ કરવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે ખર્ચ મંજૂર કરવાની મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

બાબત ક્રમાંક – ૧૭ : અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે.

બાબત ક્રમાંક–૧૭.૦૧ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને મળેલ શાહપુર ખાતેની જમીન સંપાદનની મુશ્કેલીઓ દુર થતાં હવે નવા ભવન માટે ભૂમિપૂજનનું કાર્ય આગામી સમયમાં થઈ શકે તેમ છે ત્યારે આગળની કાર્યવાહી માટે થનારા ખર્ચ બાબત.

ઠરાવ ક્રમાંક–૧૭.૦૧ : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને મળેલ શાહપુર ખાતેની જમીન સંપાદનની મુશ્કેલીઓ દુર થતાં હવે નવા ભવન માટે ભૂમિપૂજનનું કાર્ય આગામી સમયમાં થઈ શકે તેમ છે ત્યારે આગળની કાર્યવાહી માટે થનારા ખર્ચ કરવાની બાબતે ભૂમિપૂજનના કાર્યક્રમ અંતર્ગત જે પણ ખર્ચ કરવાની જરૂરિયાત ઊભી થાય તે ખર્ચ મંજૂર કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે છે.

બાબત ક્રમાંક–૧૭.૦૨ : વર્ષ : ૨૦૨૧–૨૨થી વિદ્યાનિકેતન વિભાગ અંતર્ગત શિશુનીકેતન–૧, શિશુનીકેતન–૨ શરૂ કરવામાં આવેલ અને આગામી વર્ષથી ક્રમશ : વર્ગ શરૂ કરવા બાબતે જરૂરી ફી નિર્ધારણ કરવા બાબત.

Children's University * Sector-20, Gandhinagar *

**નાણાં સમિતિની મિટિંગ** **તા. ૦૮/૦૩/૨૦૨૨**

ઠરાવ ક્રમાંક–૧૭.૦૨ : વર્ષ : ૨૦૨૧–૨૨થી વિદ્યાનિકેતન વિભાગ અંતર્ગત શિશુનીકેતન–૧, શિશુનીકેતન–૨ શરૂ કરવામાં આવેલ અને આગામી વર્ષથી ક્રમશ : વર્ગ શરૂ કરવા બાબતે જરૂરી ફી નિર્ધારણ કરવાની બાબત તથા આ સબબમાં ખર્ચ કરવાની બાબતે તમામ સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે છે.

બાબત ક્રમાંક–૧૭.૦૩ : યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પો પૈકી શિશુનીકેતન, ટોયહાઉસ અને તપોવન કેન્દ્રોમાં અનુસંગીક સુવિધાઓ પૂરી પાડવા બાબત.

ઠરાવ ક્રમાંક–૧૭.૦૩ : યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પો પૈકી શિશુનીકેતન, ટોયહાઉસ અને તપોવન કેન્દ્રોમાં અનુસંગીક સુવિધાઓ પૂરી પાડવા બાબતે જે કઈ ખર્ચ કરવાની જરૂરીયાત ઊભી થાય તે બાબતે તમામ સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે છે.

બાબત ક્રમાંક–૧૭.૦૪ : યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં યોજાનાર સ્પર્ધાઓ અને કાર્યક્રમોના ખર્ચને મંજૂર કરવા બાબત.

ઠરાવ ક્રમાંક–૧૭.૦૪ : યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં યોજાનાર સ્પર્ધાઓ અને કાર્યક્રમોના ખર્ચને મંજૂર કરવા બાબતે સર્વે મહાનુભાવો દ્વારા પરામર્શન કર્યા બાદ યુનિવર્સિટીના વિવિધ વિભાગોની યોજાનાર સ્પર્ધાઓ અને કાર્યક્રમો અંતર્ગત જે કઈ ખર્ચ કરવાની જરૂરીયાત ઊભી થાય તે તમામ ખર્ચ કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે છે.

અંતમાં કુલસચિવ દ્વારા બેઠકમાં ઉપસ્થિત સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી

**તારીખ : ૦૮/૦૩/૨૦૨૨**

**સ્થળ :- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,**

**સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર–૨૦,ગાંધીનગર**

**કુલસચિવ (I/C)**

Children's University * Sector-20, Gandhinagar *